# કોરોના કહેર યથાવત : રાજ્યમાં નવા ૬૫૪ કેસ

## કોરોના રિકવરી રેટ પણ ૯૮.૪૩ ટકાએ પહોંચ્યો : રાજ્યમાં આજના દિવસમાં કુલ ૧,૮૮,૧૨૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા : ૨૯૪૫ નાગરિકો સ્ટેબલ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં કોરોનાનાં નવા ૬૫૪ કેસ નોંધાયા છે. બીજી તરફ ૬૩ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૬૫૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોના રિકવરી રેટ પણ ૯૮.૪૩ ટકાએ પહોંચ્યો છે. બીજી તરફ કોરોના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં કુલ ૧,૮૮,૧૨૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૨૯૬૨ કેસ એક્ટિવ છે. જે પૈકી ૧૭ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૨૯૪૫ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૮,૬૫૨ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૧૧૮ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૬૫૪ નવા નોંધાયેલા કેસ પૈકી ૩૧૧ અમદાવાદ કોર્પોરેશન, ૯૭ સુરત કોર્પોરેશન, ૩૮ વડોદરા કોર્પોરેશન, આણંદ ૨૧, રાજકોટ કોર્પોરેશન ૨૧, સુરત ૧૯, ખેડા ૧૩, જામનગર કોર્પોરેશન ૧૨, કચ્છ ૧૨, રાજકોટ ૧૧, વલસાડ ૧૧, નવસારી ૧૦, ભરૂચ ૯, ગાંધીનગર ૯, અમદાવાદ ૬, ભાવનગર કોર્પોરેશન ૬, જામનગર ૫, મહીસાગર ૫, મહેસાણા ૫, અમરેલી ૪, મોરબી ૪, તાપી ૪, પોરબંદર ૩, સાબરકાંઠા ૩, વડોદરા ૩, બનાસકાંઠા ૧, જુનાગઢ કોર્પોરેશન ૧ અને પંચમહાલમાં ૧ કેસ નોંધાયો છે.

આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર ખુબ જ મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩ને રસીનો પ્રથમ ૬૯૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારીને ઉંમરના ૬૯૫૯ નાગરિકોને રસીનો પ્રથમ, ૪૧૫૩૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૪૫૬૧ નાગરિકોને રસીનો પ્રથમ ૧૧૪૩૭૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧,૮૮,૧૨૫ રસીના ડોઝ અત્યાર સુધીમાં અપાઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૯૪,૩૫,૩૪૫ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

## મહામેદાનમાં મહાતૈયારી

વાયબ્રાન્ટ પાર્કીંગ : વાયબ્રન્ટ ગુજરાત સમિટનું કાઉન્ટ - ડાઉન શરૂ થયું ત્યારે તૈયારીઓને આખરી ઓફ અપાય છે. મહાત્મા મંદિરથી લઈ એરપોર્ટ સુધી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ક્યાંક રંગ-રોગાન ચાલે છે, ક્યાંક મરામત ચાલે છે, રોડ-રસ્તાનું રીકાર્પેટીંગ થાય છે. તો અલગ - અલગ વ્યવસ્થાઓને તૈયાર કરાઈ રહી છે. ખાસ કરીને વાયબ્રન્ટ સમિટ દરમિયાન ભાગ લેવા આવનાર પ્રતિનિધિઓની હજારો ગાડીઓને પાર્ક કરવા માટે અલગ - અલગ વ્યવસ્થા થાય છે. જેમાં સૌથી મોટી પાર્કીંગની વ્યવસ્થા સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં થઈ રહી છે. ક્રિકેટ કે ડ્રાઈવીંગ શિખવા માટેના ગ્રાઉન્ડ તરીકે ઓળખાતા રામકથા મેદાનને હજારો ગાડીઓના પાર્કીંગ માટે રાત - દિવસ રોલર અને ટ્રેક્ટરો દ્વારા તૈયાર કરાઈ રહ્યું છે. જેના ઉપર ટેન્ટ બાંધી અલગ - અલગ કેટેગરીના વિભાગો પાડવામાં આવશે તથા સી.સી. ટી.વી. કેમેરા દ્વારા તમામ ગાડીઓની સુરક્ષા પણ ગોઠવવાનું આયોજન છે.

# મહામારીના સંક્રમણ વચ્ચે સરકારનો દાવો, ૨૬ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે જોડાવા ઉત્સુક

## વાયબ્રન્ટ સમિટને હવે એકમાત્ર મોદી રોકી શકે તેમ છે, ગુજરાત સરકારે તૈયારી કરી લીધી, આરટીપીસીઆર ટેસ્ટ પછી પ્રવેશ આપવાનું નિયંત્રણ

ગાંધીનગર

ગુજરાતની ૧૦મી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ ૧૦ થી ૧૨મી જાન્યુઆરીએ યોજાવા જઈ રહી છે ત્યારે સરકારે તેની તૈયારીઓ કરી લીધી છે, હવે એકમાત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સમિટને રોકી શકે તેમ છે. જો કે સરકારના ઉદ્યોગ વિભાગના ટોચના અધિકારી કહે છે કે આ વખતે વાયબ્રન્ટ સમિટ થશે. રદ્દ કરવાનો કે મોકુફ રાખવાનો પ્રશ્ન ઉભો થતો નથી.

કોરોના અને ઓમિક્રોન વેરિયન્ટના વધતા જતા કેસો વચ્ચે ગુજરાત સરકારનો દાવો છે કે આ સમિટમાં સૌથી વધુ વિક્રમી ૨૬ દેશો કન્ટ્રી પાર્ટનર બનવા માટે ઉત્સુક થયાં છે, જો કે તેમાંથી કેટલાક દેશો વર્ચ્યુઅલી સમિટમાં જોડાવાના માગે છે. વિદેશોમાંથી બિઝનેસ ડેલિગેશન પણ આવવાના છે.

ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં જાન્યુઆરી માસમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૨ ની પૂર્ણ તૈયારીઓ ચાલી રહી છે. આ સમિટમાં અત્યાર સુધીમાં ૬૨૪૫ જેટલી કંપનીઓ રજીસ્ટર્ડ થઈ છે જ્યારે ૧૧૫૭૯ લોકોએ સમિટમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

આ વખતે યુકે પણ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કન્ટ્રી પાર્ટનર તરીકે જોડાયું છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઈઝરાયેલ, ઈટલી, જાપાન, દક્ષિણ કોરિયા, લક્ઝમ્બર્ગ, મોઝામ્બિક, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, શ્રીલંકા, સ્વિડન, યુએઈ, કેનેડા, ઈન્ડોનેશીયા, ઈઝરાયેલ કન્ટ્રી પાર્ટનર બન્યા છે.

ગુજરાતમાં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨નું પીએમ મોદી ૧૦ જાન્યુઆરીના રોજ ઉદ્ઘાટન કરશે. ૧૦ જાન્યુઆરીએ બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વાયબ્રન્ટ ગુજરાતનું ઉદ્ઘાટન થવાનું છે. સમિટ પહેલાં ૯મી જાન્યુઆરી સુધી પ્રિ-વાયબ્રન્ટ સમિટ યોજાશે જેમાં બે કાર્યક્રમો મહત્વના છે.

આ કાર્યક્રમોમાં સ્ટાર્ટ અપ અને યુનિકોર્ન ઈવેન્ટ યોજાશે જે અત્યાર સુધીમાં ભારતમાં ક્યારેય યોજાયું નથી. આ ઉપરાંત ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ આત્મનિભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત થીમ પર કાર્યક્રમ યોજાશે. સમિટના મહેમાનો માટે કોરોનાની ગાઈડલાઈનમાં છૂટ આપીને સાત દિવસના આઈસોલેશનમાંથી મુક્તિ આપવામાં આવી છે, માત્ર આરટીપીસીઆર ટેસ્ટ કરીને નેગેટીવ લોકોને પ્રવેશ અપાશે.

# નિર્માણાધિન નવીન રાજપૂત સમાજ ભવન સ્થળે સ્નેહમિલન - લોક ડાયરો યોજાયાં

ગાંધીનગર તા.૩૧

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ તથા શહેરના રાજપુત

સમાજ, સમસ્ત મહિલા સેવા ટ્રસ્ટ અને રાજપૂત કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે આલમપુર ખાતે નિર્માણાધીન નવીન રાજપૂત સમાજ ભવનની જગ્યા પર ગત મંગળવારે ભવ્ય સ્નેહમિલન તથા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપુતે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો તેમજ કાર્યક્રમમાં રાજયના કેબીનેટ મંત્રી કિરીટસિંહ રાણા, ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટી, મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા, ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ ડો.શંકરસિંહ રાણા, કન્વીનર અશોકસિંહ વાઘેલા તથા રતનસિંહ વાઘેલા સહિત રાજપૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમમાં જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ ડો.શંકરસિંહ

રાણાએ સમાજના ભવિષ્યની ચિંતા કરીને સામાજિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ માટે સમાજના સભ્યોને આગળ આવવા અપીલ કરી હતી તેમજ નવીન સમાજ ભવન ખાતે સમૂહલગ્નો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ટ્રેનિંગ સેન્ટર સહિતની કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓના આયોજન અંગે ચિતાર આપ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં રાજપૂત સમાજના પરિવારો ઉમટયા હતા અને નવીન સમાજ ભવન માટે દાનની સરવાણી વહી હતી.

આ પ્રસંગે રાજપૂત સમાજના નવનિયુક્ત સરપંચો, દૂધ મંડળી - સેવા મંડળીના ચેરમેનો તથા કોર્પોરેટરોને શાલ ઓઢાડી પુષ્પહારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વાતિબા રાઓલ તેમજ દિલીપસિંહ બિહોલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સમાપને ભરતસિંહ બિહોલા દ્વારા આભાર વિધિ બાદ સમૂહમાં સ્વરૂચી ભોજન યોજાયું હતું.

# એસ.ટી. ડેપોમાંથી બે ચોરેલા પાકીટ સાથે પાકીટમાર ઝડપાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે છેલ્લાં કેટલાંક સમયથી પાકીટ મારીની ઘટનાઓ પ્રકાશમાં

આવી રહી છે. આજે એસ.ટી. ડેપો ખાતેથી એક પાકીટમાર ઝડપાયો હતો. જેને ચોરેલા બે પાકીટ જેમાં રૂ. ૧૧,૮૦૦ જેટલી રકમ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી આજે અમદાવાદના સત્યમનગર ખાતે રહેતા ધર્મેન્દ્ર તિવારી નામના શખ્સને બે મુસાફરોના પાકીટ ચોરી કરતાં ઝડપી લેવામાં આવ્યો હતો. તેણે ચોરેલા બે પાકીટ પૈકી એક પાકીટ વિસનગર તાલુકાના સુરેશભાઈ મગનલાલ લેઉઆ નામના મુસાફરનું હતું. જેમાં રૂ. ૩૫૦ રોકડા તથા તેમના આધાર કાર્ડ, ચૂંટણીકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ હતા. જ્યારે અન્ય એક પાકીટ જેમાં રૂ. ૧૧,૪૫૦ રોકડા તથા ડોક્યુમેન્ટ હતા. જે ચરાડાના નટવરભાઈ બળદેવભાઈ પટેલ નામના મુસાફરનું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર પાકીટમારને એસ.ટી.ડેપો સત્તાવાળાઓએ પોલીસને સોંપી ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હતી.

# જેલમાંથી મુક્ત થયેલ ૫૫ કાર્યકરોનું ઢોલ-નગારા સાથે સ્વાગત કરાયું

## આમ આદમી પાર્ટીના ઇસુદાન ગઢવી, ગોપાલ ઇટાલિયા સહિત ૫૫ કાર્યકર્તાઓની આજે જેલ મુક્તિ થઈ હતી

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમા પેપર લીકના કૌભાંડો બાદ અસિત વોરાના રાજીનામાની માંગણી સાથે આમ આદમી પાર્ટીએ મોરચો માંડ્યો હતો. યુવરાજસિંહે ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું, પરંતુ સરકારે પેપર લીક મામલે કાર્યવાહી શરૂ કરતાં તેમના અલ્ટિમેટમનું સુરસુરિયું થઈ ગયું હતું. ભાજપ કાર્યાલય કમલમ પર હુલ્લો બોલાવનાર આપના નેતાઓ અને કાર્યકર્તાઓને જેલભેગા કરવામાં આવ્યા હતા. ત્યારે આખરે ૧૧ દિવસ બાદ આપના ૫૫ નેતાઓ અને કાર્યકર્તાઓને સેશન્સ કોર્ટ ગાંધીનગર દ્વારા શરતી જામીન મંજુર કર્યા હતા. ત્યારે આજે આમ આદમી પાર્ટીના નેતાઓનો જેલમાંથી છુટકારો થયો છે. ભાજપ કાર્યાલય ખાતે વિરોધના મામલે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને નેતાઓની સાબરમતી જેલમાંથી મુક્તિ થઈ છે.

આપના નેતાઓ સહિત ૫૫ કાર્યકર્તાઓને કોર્ટમાંથી ગઈકાલે જામીન મળ્યા હતા. ગાંધીનગર સેશન કોર્ટ દ્વારા તેમને શરતી જામીન અપાયા હતા. ત્યારે આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા સહિત ૫૫ કાર્યકર્તાઓની આજે જેલ મુક્તિ થઈ હતી. જેલ ખાતે આપના કાર્યકર્તા મોટી સંખ્યામા એકઠા થયા હતા. ફુલહાર પહેરાવીને તમામ નેતાઓનુ સ્વાગત કરાયુ હતું. ૧૨ દિવસની જેલમુક્તિ બાદ બહાર આવેલ આપના નેતા ઈશુદાન ગઢવીએ જણાવ્યુ કે, અમારી લાડાઈ ચાલુ છે અને રહેશે. ઉમેદવાર અને પરિવાર માટે અમે કર્યું. તમે અમને સાથ આપશો. મારા મેડિકલ રિપોર્ટ પણ કરાવ્યા. હવે લિગલ ટીમ સાથે અમે ચર્ચા કરીને આગળ વધીશુ. ૧૦ દિવસ પહેલા ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આમ આદમી પાર્ટીના નેતાઓએ હોબાળો મચાવ્યો હતો. આ કેસમાં ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા સહિત ૫૫ આપ નેતાઓની અટકાયત કરાઈ હતી. આમ આદમી પાર્ટીના ૫૦૦ થી વધુ કાર્યકર્તાઓએ કમલમમાં હુરિયો બોલાવ્યો હતો. જેમાં પોલીસે ૬૫ પુરુષો અને ૨૮ મહિલાઓ મળીને કુલ ૯૩ જેટલા કાર્યકર્તાઓની ધરપકડ કરી હતી. ૨૦ ડિસેમ્બરથી તમામ નેતાઓ જેલના સળિયા પાછળ હતા. ત્યારે આજે ગાંધીનગર સેશન કોર્ટ દ્વારા શરતી જામીન આપવામાં આવ્યા છે.

# રાજકોટમાં ભાજપે રોડ-શો યોજીને શક્તિ પ્રદર્શન કર્યું

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ-પાટીલનું ભવ્ય સ્વાગત : રોડ શોમાં મંત્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા

રાજકોટ, તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે રાજકોટમાં ભવ્ય રોડ-શો યોજીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. રાજકોટ એરપોર્ટ ખાતે

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રોડ શોમાં મંત્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. રોડ-શોમાં ઠેર-ઠેર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલનું ફૂલ-હારથી સ્વાગત કરવામાં આવ્યું. જે બાદ સીઆર પાટીલ જામનગરના ધ્રોલ ખાતે ભૂચર મોરીના કાર્યક્રમમાં જવા રવાના થયા હતા. તો કાર્યક્રમમાં પૂર્વ સીએમ રૂપાણી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા પણ જોડાયા હતા. રાજકોટમાં સુશાસન પર્વની ઉજવણીના ભાગ રૂપે મુખ્યમંત્રીએ લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં પણ હાજરી આપી હતી. રોડ શો બાદ ધર્મેન્દ્રસિંહ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભુપેન્દ્ર પટેલે સંબોધન કર્યુ હતું. તેમણે કહ્યુ હતું કે, જૂની કહેવાત છે કે, ભગવાન એકવાર સૌરાષ્ટ્રમા ભૂલો પડ્યો, અને તેને સ્વર્ગ ભૂલાઈ ગયો. આજે મને લાગ્યુ કે ખરેખર અહી આવીને સ્વર્ગ ભૂલાઈ જાય. તમે મારો વટ પાડી દીધો છે. ત્યારે મારી ફરજ છે કે તમારા બધા કામ પૂરા કરીને અમારો વટ પાડી દઈએ. અમારી નવી ટીમમાં ઉત્સાહ છે. કામ કરવામાં કોઈ મુશ્કેલી પડે તેમ નથી. સારા કામ કરવા માટે અમે આગળ વધી રહ્યા છીએ. સુશાસન માત્ર શહેરોમાં જ નહિ, પરંતુ છેવાડાના માણસ સુધી પહોંચ્યુ છે. રાજકોટમાં આવુ ભવ્ય સ્વાગત કરાયુ છે, તેથી અમે પણ અહી ભેટ લઈને આવ્યા છીએ. નવા વર્ષની ભેટ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ પાલિકાને ભેટ આપવામાં આવી. ૧૮૩ કરોડના વિકાસ કાર્યો મંજૂર કરવામાં આવ્યા છે.

આ રોડ શોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહ્યાં અને વજુભાઈ વાળા પણ હાજર રહ્યા. ૩.૫ કિલોમીટરનો ભાજપનો આ રોડ શો શક્તિ પ્રદર્શનની જેમ બની રહ્યો હતો, જેને આખુ રાજકોટ જોતુ રહી ગયુ હતું. આ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## પ્રભાવિત રહેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. તા ૩૧ ડીસેમ્બરથી આગામી તા ૪ જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ સુધી વૈષ્ણોદેવી સર્કલથી અડાલજ ગાંધીનગર તરફ અવરજવર કરતા નર્મદા કેનાલ ખાતે મુખ્યમાર્ગ પર ગુડા દ્વારા ૧૨ થી ૪ કલાક દરમિયાન કામકાજ હાથ ધરવામાં આવશે. આ દરમિયાન ટ્રાફિક અંતર્ગત સહકાર આપવા પણ ગુડાએ અપીલ કરી છે. આ સમયગાળા દરમિયાન ઈમરજન્સી સેવાના વાહનોએ વૈષ્ણોદેવીથી ઝુંડાલ બાલાપીર સર્કલ ઉવારસદ ચોકડી તરફના માર્ગનો ઉપયોગ કરવા પણ શહેરી વિકાસ સત્તા મંડળના કાર્યપાલક ઈજનેરે જણાંવ્યુ છે.

## નગર ઠંડુગાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બપોરનો તાપ પણ પવનની અસર વચ્ચે અસર કરતો નથી. છેલ્લા ઘણાં સમયથી મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. ક્યારેક આકરી ઠંડી તો ક્યારેક વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પણ વરસી જાય છે. ભર શિયાળે અષાઢી નઝારો પણ જોવા મળે છે. બીજીતરફ ઠંડીની મોસમ વચ્ચે વરસાદી વાયરો પણ યથાવત રહેતા શિયાળો વધુ આકરો પુરવાર થઈ રહ્યો છે. ક્યારેક લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત નહીંવત જોવા મળે છે. જયારે ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે આ બન્ને તાપમાન વચ્ચેનુ અંતર પણ ક્યારેક વધી જાય છે જેના લીધે દિવસ દરમિયાન હળવી ગરમીનો અહેસાસ પણ નગરજનો કરે છે. હાલ તો ઠંડીનુ પ્રમાણ ઘટવાની સાથે પવનના જોરથી કોલ્ડવેવ વધુ આકરા પુરવાર થઈ રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં હજુ ઠંડી કાતિલ સ્વરૂપ બતાવે તેવી પણ સંભાવના છે.

## આવક ઘટી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પુરતી સંખ્યા જોવા મળતી નથી એકબાજુ ઓન લાઈન શિક્ષણ કાર્યરત છે. ત્યારે ઓફલાઈન શિક્ષણ માટે દુર જતા વિદ્યાર્થીઓને વાલીઓએ શાળા કોલેજ મોકલવાનુ પણ ટાળી રહ્યા છે. આવા સંજોગોમાં ગાંધીનગર ડેપોમાંથી ઈસ્યુ થતા વિદ્યાર્થી પાસની સંખ્યા પણ ઘટી છે. જેના લીધે વિદ્યાર્થી પાસ યોજના અન્વયે ડેપોને થતી આવકમાં પણ રૂ ૧.૧૬ લાખનો ઘટાડો થયો છે. ગત વર્ષ દરમિયાન ડેપાને વિદ્યાર્થી પાસ અંતર્ગત રૂ ૧૧ લાખની આવક થઈ હતી જયારે આ વર્ષે આ આંકડો દસ લાખની અંદર છે. જેના લીધે ડેપોએ કોરોના કાળમાં વિદ્યાર્થી પાસની આવકમાં આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. જો કે આ સિવાય લગ્નવર્ધિ તેમજ અન્ય સરકારી કાર્યક્રમો તેમજ તહેવારો માટે ફળવાતી બસ સેવા અન્વયે ડેપોએ તગડી આવક કરી છે. કોરોનાની બીજીલહેરના અંતે છેલ્લા ૬ મહીનાથી એસ ટી ડેપોમાં પુરતો ટ્રાફિક જોવા મળે છે. ગાંધીનગર શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસમાં પણ હવે ટ્રાફિક રહેતા એસ ટી ડેપોએ અગાઉની જેમ પ્રતિદિન રૂ ૫ થી ૫.૫૦ લાખની આવક થતી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

## ૯ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સેક્ટર-૮માંથી પણ એક ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણની ૨૧ વર્ષીય યુવતીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. તે અમદાવાદ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણમાં આજે ત્રણ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી અને એક ૬૬ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. ૩૩ વર્ષીય મહિલા તાજેતરમાં અમદાવાદ ગઈ હતી. તો ૨૬ વર્ષીય યુવતી પોઝીટીવના સંપર્કમાં આવી હોવાની શંકાને પગલે ટેસ્ટ કરાવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર શહેરમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને પગલે ગંભીર બન્યું છે. તંત્રએ સઘન સર્વેલન્સ જારી કરી દીધું છે. જોકે આજે બે દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. તેથી તંત્રની ચિંતા વધી છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અસરકારક અમલવારી પર ભાર મુક્યો છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. શહેરમાં ૩૨ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ ૪૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરેલા છે. શહેરમાં હાલ ૨૧ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## ૮ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દહેગામ અર્બન વિસ્તારમાં રહેતો અને અમદાવાદ ખાતે ખાનગી નોકરી કરતાં ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૧ દર્દીઓ એક્ટીવક કેસ તરીકે સારવાર હેઠળ છે. ૩૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને ધ્યાનમાં રાખી માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૧ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરયાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં પણ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તેમની સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. જિલ્લામાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.

## હાહાકાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારતમાં પણ કોરોનાના કેસો ખૂબ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૧૬ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮ હજારથી વધુ કેસ નોંધાયા છે. ગુજરાતમાં પણ ખૂબ જ ઝડપથી કોરોનાના કેસો વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં ૬૦૦થી વધુ કેસો નોંધાતા હાહાકર મચી ગયો છે.

## લોન્ચ કરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જેટલુ છે. તેમાં મિસાઈલ લોન્ચ કરવા માટેની આઠ ટ્યુબ છે.અગાઉની સબમરિન અરિહંતમાં ચાર ટ્યુબ હતી.નવી સબમરિન એક સાથે ૨૪ બેલાસ્ટિક મિસાઈલ લઈ જઈ શકે છે અને લોન્ચ કરી શકે છે.તેની મારક ક્ષમતા ૩૫૦૦ કિલોમીટર સુધીની છે. ભારત સબમરિનો માટે ખાસ પ્રકારના કે-૪ મિસાઈલ બનાવી રહ્યુ છે.